# સરદાર પટેલ યુનિવર્સિટી
# ઈતિહાસની અભ્યાસ સમિતિની સભા
# કાર્યનોંધ

ઈતિહાસની અભ્યાસ સમિતિની સભા તારીખઃ ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડ(ગ્રાઉન્ડ ફ્લોર)માં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. જે.એમ.પંડ્યા (અધ્યક્ષ) | ૩. | ડૉ. ભાવના આર. પ્રજાપતિ |
| ૨. | ડૉ. દિલીપ ચૌધરી | ૪. | ડૉ. અંજનાબેન એમ. પટેલ |

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ ૫/૧/૨૦૨૪ ના રોજ મળેલ ઈતિહાસની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૫/૧/૨૦૨૪ ના રોજ મળેલ ઈતિહાસની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી નિયમાનુસાર તૈયાર કરી સુધારા સહિત ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy-2020(NEP-2020) મુજબના ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમાં અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રકચર(માળખું) તૈયાર કરવા અને અભ્યાસક્રમ તેનું સ્ટ્રકચર (માળખું) મંજૂર કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના આદેશાનુસાર **National Education Policy – 2020 (NEP-2020)** મુજબના ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમાં અને આઠમાં સેમેસ્ટરના તૈયાર કરેલ સુધારા વધારા સહિતના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ ના અભ્યાસક્રમો અને તેનું સ્ટ્રકચર (માળખું) તૈયાર કરવા નીચે દર્શાવેલ કમિટીની રચના કરવી અને તેનો અમલ જૂન- ૨૦૨૬ થી ક્રમશઃ કરવો.

## સ્નાતક કક્ષાના સાતમાં અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમની કમિટી

૧. ડૉ.જે.એમ.પંડ્યા(આવાહક) અનુ.ઈતિહાસ વિભાગ,સ.પ.યુનિ.વલ્લભ વિદ્યાનગર
૨. ડૉ. ભાવના પ્રજાપતિ, આણંદઆર્ટસ કોલેજ, આણંદ
૩. ડૉ. અંજનાબેન પટેલ, જે. એમ. પટેલ આર્ટસ કોલેજ, આણંદ
૪. ડૉ. ભાવિનભાઇ પરમાર, ગર્વમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલ
૫. ડૉ.વિપુલભાઇ પરમાર, એન. એ. એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર

ચાલુ. . .

વધુમાં કમિટીએ તૈયાર કરેલ અભ્યાસક્રમોને સુધારા વધારા સહિત મંજૂર કરવા અને તેનો અમલ જૂન-૨૦૨૬ થી ક્રમશઃ કરવો.

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યોની માહિતી :**

૪. સરકારશ્રીના આદેશાનુસાર **National Education Policy – 2020 (NEP-2020)** મુજબના ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રકચર (માળખું)નો અમલ જૂન-૨૦૨૫ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતની નોંધ લેવામાં આવી.

નંબરઃ ડી/એ/૨૫૯૧
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૧૮/૦૯/૨૦૨૫

નાયબ કુલસચિવ

પ્રતિઃ
ઈતિહાસની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ તથા ઈતિહાસની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારૂ.